પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૯૧, કુલ પાના:૪, તારીખ: ૦૮-૦૪-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 191 PRICE :-RS. 1.50 DATE : 08-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678


પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોનાના ૫૯,૮૫૬ દર્દી રિકવર થયા, ૬૩૦ લોકોના જીવ ગયા, સંક્રમણનો કુલ આંકડો વધીને ૧,૨૮ કરોડે પહોંચ્યો

## કોરોનાએ બધા રેકોર્ડ તોડ્યા, ૧.૧૫ લાખ નવા કેસ, મૃત્યુનો આંકડો ચિંતાજનક

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસ મહામારીએ દેશમાં હવે ભયાનક રૂપ લેવાનુ શરૂ કરી દીધુ છે. બુધવારે કોરોના વાયરસના કેસ એક વાર ફરીથી એક લાખનો આંકડો પાર કરી ગયા. કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે બુધવારે જણાવ્યુ કે છેલ્લા એક દિવસમાં દેશના અલગ અલગ રાજ્યોમાં કોરોના વાયરસના ૧,૧૫,૭૩૬ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન કોરોનાના ૫૯,૮૫૬ દર્દી રિકવર થયા છે જ્યારે ૬૩૦



લોકોના જીવ ગયા છે. નવા દર્દી મળ્યા બાદ દેશમાં કોરોના વાયરસના સંક્રમણનો કુલ આંકડો વધીને ૧,૨૮,૦૧,૭૮૫ સુધી પહોંચી ગયો છે. જો કે, આમાંથી ૧,૧૭,૯૨,૧૩૫ દર્દી અત્યાર સુધી રિકવર પણ થઈ ચૂક્યા છે.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ દૈનિક કેસોમાં સતત થઈ રહેલા વધારાને કારણે દેશમાં કોરોના વાયરસના સક્રિય કેસ વધીને ૮,૪૩,૪૭૩ થઈ ગયા છે. વળી, કોરોના વાયરસ અત્યાર સુધીમાં ૧,૬૬,૧૭૭ લોકોનો જીવ લઈ ચૂક્યુ છે. કોરોનાના નવા જોખમને જોતા આરોગ્ય મંત્રાલયે લોકોને અપીલ કરી છે કે સોશિયલ ડિસ્ટંસીંગ અને માસ્ક સંબંધિત નિયમોનુ અનિવાર્ય રીતે પાલન કરે. આ સાથે જ આરોગ્ય મંત્રાલયે બધા રાજ્યોને કોરોના વાયરસનુ ટેસ્ટિંગ વધારવાનો પણ અનુરોધ કર્યો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે બહાર પાડેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના નવા ૧,૧૫,૭૩૬ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસની સંખ્યા ૧,૨૮,૦૧,૭૮૫ પર પહોંચી છે. જેમાંથી ૧,૧૭,૯૨,૧૩૫ લોકો રિકવર થયા છે. જ્યારે ૮,૪૩,૪૭૩ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. ભારત હવે એક્ટિવ કેસ મામલે વિશ્વમાં ચોથો સૌથી મોટો દેશ બની ગયો છે. એક વિશ્લેષણ મુજબ કોવિડ-૧૯ની બીજી લહેર પહેલી લહેર કરતા વધુ ઘાતક સાબિત થઈ રહી છે. દેશમાં એક જ દિવસમાં ૬૩૦ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૬૬,૧૭૭ પર પહોંચ્યો છે. આ બધા વચ્ચે હાલ દેશમાં રસીકરણ અભિયાન પણ પૂરજોશમાં ચાલુ છે. જે હેઠળ અત્યાર સુધીમાં કુલ ૮,૭૦,૭૭,૪૭૪ લોકોને રસી આપવામાં આવી છે.

ભારતમાં કોરોના વાયરસ (Corona Virus) નું સંક્રમણ ખુબ ઝડપથી વધી રહ્યું છે. કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી ડો.હર્ષવર્ધને મંગળવારે એ ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સ્વાસ્થ્યમંત્રીઓ સાથે બેઠક યોજી ત્યાં કોરોનાના કેસમાં પૂરપાટ ઝડપે વધારો થઈ રહ્યો છે. આ દરમિયાન તેમણે કોવિડ-૧૯ના નવા કેસમાં અચાનક વૃદ્ધિ થવાના કારણોની પણ જાણકારી આપી.

બેઠક દરમિયાન ડો. હર્ષવર્ધને કોવિડ-૧૯ના વધતા કેસ માટે મોટા મોટા લગ્ન સમારંભો, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી, ખેડૂત આંદોલન દરમિયાન કોવિડ પ્રોટોકોલનું પાલન ન કરવું એ સૌથી મોટું કારણ ગણાવ્યું. બેઠકમાં મહારાષ્ટ્ર, છત્તીસગઢ, કર્ણાટક, પંજાબ, મધ્ય પ્રદેશ, ગુજરાત, દિલ્હી, તામિલનાડુ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન અને ઝારખંડના સ્વાસ્થ્ય મંત્રી સામેલ હતા. ડો.હર્ષવર્ધને સ્પષ્ટપણે કહ્યું કે દેશના લગભગ તમામ ભાગોમાં ખાસ કરીને આ ૧૧ રાજ્યોમાં અચાનક કેસમાં ઉછાળો આવવાનું સૌથી મોટું કારણ એ હતું કે લોકોએ કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિયરનું પાલન કરવાનું છોડી દીધુ.

ડોક્ટર હર્ષવર્ધને બેઠકમાં કહ્યું કે એવું લાગે છે કે લોકોએ કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિયરને 'તિલાંજલી' આપી છે. ન તો લોકો માસ્ક પહેરે છે, ન તો સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરે છે અને ન તો ભીડમાં કમી છે, જેના કારણે કોરોના વાયરસના નવા કેસમાં ઝડપથી વધારો થયો છે. તેમણે વધુમાં કહ્યું કે 'ગત વર્ષે આપણી પાસે રસી પણ નહતી અને તમામ નિયમોનું પાલન પણ કરાયું હતું જેના કારણે કેસ ઓછા થયા હતા.'

ડો.હર્ષવર્ધને બેઠકમાં કહ્યું કે કોરોના વાયરસથી ઠીક થવાનો દર ૯૨.૩૮ ટકા છે. દેશમાં વધતા કેસ છતાં મૃત્યુદર ૧.૩૦ ટકા પર છે. તેમણે કહ્યું કે સૌથી ખરાબ રીતે પ્રભાવિત રાજ્ય છત્તીસગઢમાં પોઝિટિવિટી રેટ ૨૦ ટકા અને ગ્રોથ રેટ ૮ ટકા છે. જ્યારે ૮૦ ટકા યુકે વેરિએન્ટ પંજાબમાં મળી આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ મહારાષ્ટ્ર, છત્તીસગઢ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, દિલ્હી, તામિલનાડુ, મધ્ય પ્રદેશ, અને પંજાબમાં પ્રતિદિન કોરોના વાયરસના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. એક દિવસમાં સામે આવનારા કેસમાંથી ૮૧.૯૦ ટકા કેસ આ રાજ્યોમાંથી સામે આવ્યા છે.

### ખતરનાક છે કોરોનાનુ નવુ વેરિયન્ટ, ૩ મહિનામાં ૧૦ લાખ લોકોના જીવ ગયા

કોરોના વાયરસના નવા વેરિયન્ટના કારણે બીજી લહેર વધારે ખતરનાક બની છે.ભારતમાં અને દુનિયામાં કોરોનાએ ફરી એક વખત હાહાકાર મચાવ્યો છે. મળતી જાણકારી પ્રમાણે સમગ્ર વિશ્વમાં એક વર્ષ દરમિયાન કોરોનાથી મરનારા લોકોની સંખ્યા ૩૦ લાખ થઈ છે. જેમાં પણ કોરોનાના નવા વેરિયન્ટના કારણે ત્રણ જ મહિનામાં ૧૦ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કોરોના વાયરસના કારણે બ્રાઝિલની સ્થિતિ ગંભીર હોવાનુ સ્વીકાર્યુ છે અને કહ્યુ છે કે, દુનિયામાં સૌથી વધારે લોકો અહીંયા મોતને ભેટી રહ્યા છે. બીજી તરફ ભારતમાં પણ હવે રોજ કોરોનાના એક લાખ કરતા વધારે દર્દીઓ સામે આવી રહ્યા છે. જે અમેરિકા બાદ સૌથી વધારે છે. યુરોપના ૫૧ દેશોમાં લગભગ ૧૧ લાખ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે અમેરિકામાં ૫.૫૫ લાખ લોકો અત્યાર સુધી કોરોનાથી મોતને ભેટી ચુક્યા છે. બીજી તરફ એક અંદાજ પ્રમાણે દુનિયામાં ૩૭ કરોડ લોકોને અત્યાર સુધીમાં કોરોના વેક્સીન આપવામાં આવ છે. આમ છતા કોરોનાના સંક્રમણની રફતાર યથાવત છે. ખાસ કરીને જયાં રસી ઉપલબ્ધ થઈ નથી અથવા ઓછી માત્રામાં રસી ઉપલબ્ધ છે તેવા ગરીબ દેશો પર કોરાનાનુ જોખમ વધી શકે છે.

## કોરોનાના કહેર વચ્ચે માનદ વેતન મુદે ડોક્ટરો હડતાળ પર ઉતર્યા

અમદાવાદ,

અમદાવાદમાં કોરોના કેસોનો રાફડો ફાટતાં શહેરીજનોમાં ફફડાટ ફેલાયો છે. ટેસ્ટ કરાવવા માટે ટેસ્ટિંગ ડોમમાં લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. તેવામાં બીજી બાજુ સંક્રમણ વધતાં અને દર્દીઓની સંખ્યામાં વધારો થતાં તંત્ર દ્વારા ધડાધડ એક બાદ એક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં નોન કોવિડ ઓપીડી બંધ કરી દેવામાં આવી છે. તો બીજી બાજુ સરકાર




કોરોના ડ્યુટી માટે ડોક્ટર્સને ૨૫ હજારના માનદ વેતન આપવાની જાહેરાત કરી હતી. પણ એક વર્ષ થવા છતાં પણ આ વેતન ન અપાતાં ડોક્ટર્સ હડતાળ પર ઉતર્યા છે.

અમદાવાદમાં કોરોના કેસો વધતાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જેને કારણે હવે સિવિલ હોસ્પિટલમાં નોન કોવિડ ઓપીડી બંધ કરી દેવામાં આવી છે. અને તમામ સ્ટાફને કોવિડ ડ્યુટીમાં મુકી દેવામાં આવ્યો છે. સિવિલના સુપ્રિટેન્ડેન્ટે કહ્યું કે, ગંભીર દર્દીઓ આવતાં હોવાથી સિવિલમાં મૃત્યુદર ઊંચો જોવા મળી રહ્યો છે. અને સિવિલમાં થતાં મોત અંગે એનાલિસિસ કરવામાં આવશે. અને આજે સિવિલ હોસ્પિટલમાં કે.કૈલાસનાથનની અધ્યક્ષતામાં સિવિલમાં બેઠક યોજવામાં આવી હતી.

તો બીજી બાજુ કોરોના કેસોમાં વધારો થવાને કારણે અગાઉની જેમ સમરસ હોસ્ટેલને કોવિડ કેરમાં ફેરવવાની તૈયારીઓ તંત્રએ શરૂ કરી દીધી છે. માઈલ્ડ લક્ષણો ધરાવતાં કોરોના દર્દીઓને કોવિડ કેર સેન્ટરમાં મુકવામાં આવશે. જેને કારણે હોસ્પિટલમાં બેડની સંખ્યાની અછત ન સર્જાઈ. આ માટે બોય્ઝ હોસ્ટેલને ખાલી કરી દેવામાં આવી છે. અને તેને હવે કોર્પોરેશનને સોંપી દેવામાં આવશે.

## રાજ્યની ગરમીમાં વધારો, ચાલુ વર્ષનો ઉનાળો વધુ ગરમ રહેવાની શકયતા

ગાંધીનગર,

રાજ્યમાં ગરમીમાં ધીરે-ધીરે વધારો થઈ રહ્યો છે. જેને પગલે નાગરીકો ગરમી અનુભવી રહ્યાં છે. જો કે આ વર્ષે વધુ ગરમી પડવાનાં એંધાણો જોવા મળી રહ્યા છે. ચાલુ વર્ષનો ઉનાળો વધુ ગરમ રહેવાની શકયતાઓ છે.

જો મહાનગરોનાં તાપમાનની વાત કરીએ તો અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦.૯ ડિગ્રી, ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૧.૦ ડિગ્રી, વડોદરામાં ૪૦.૭ ડિગ્રી તાપમાન, સુરતમાં ૩૮.૨ તાપમાન, રાજકોટમાં ૪૧.૫ તાપમાન, ભાવનગરમાં ૩૯.૧ તાપમાન અને ભુજમાં મહત્તમ ૩૯.૦ ડિગ્રી તાપમાન નોંધાયું.

ઉલ્લેખનીય છે કે, જે રીતે શિયાળામાં ઠંડીએ ઝોર પકડ્યું હતુ તેવી જ રીતે હવે ઉનાળાની શરૂઆત થવાની સાથે જ ગરમીમાં વધારો થઈ રહ્યો છે. તાપમાનમાં વધારો થતા બપોરનાં સમયે રસ્તાઓ પર આકાશમાંથી જાણે અગનવર્ષા ન થતી હોય તેવુ લાગી રહ્યું છે. ગરમીનાં કારણે ખાસ કરીને બપોરનાં સમયે રસ્તાઓ સુના દેખાતા હોય છે. જો કે આ હજુ શરૂઆત છે. આવનારા દિવસોમાં હજી વધુ ગરમી પડવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે.

## મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીની ઓફિસોમાં કોરોનાની એન્ટ્રી થતાં ખળભળાટ

ગાંધીનગર,

ગુજરાતમાં ફરી એકવાર કોરોનાએ ઉથલો માર્યો છે, ત્યારે હવે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની ઓફિસોમાં પણ કોરોનાની એન્ટ્રી થઈ ગઈ છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં વધુ એક કોરોનાનો કેસ નોંધાયો છે. મુખ્યમંત્રીના નાયબ માહિતી નિયામક કોરોના સંક્રમિત થયા છે.

(અનુ.પાના.નં.૨)

## રાજ્યના તમામ પોલીસ કર્મી-અધિકારીઓની રજા રદ

ગાંધીનગર,

રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયા દ્વારા સૂચના આપવામાં આવી છે કે તમામ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની રજા મંજૂર કરવામાં આવશે નહીં. આવશ્યક સંજોગો અને અનિવાર્ય સંજોગો હશે તો જ DySP અથવા તેની ઉપરના અધિકારીઓની મંજૂરી સાથે રજા આપી શકાશે. જે અધિકારીઓ લાંબી રજા ઉપર છે તેઓને રજા ટૂંકાવી દેવા માટે સૂચના આપી દેવામાં આવી છે. રાજ્યમાં જે પ્રકારે કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે અને કોરોનાનું સંક્રમણ નાથવા માટે કોરોનાના નિયમો અને એપેડેમિક નિયમોનું અમલીકરણ જરૂરી છે. તેવા સંજોગોમાં પોલીસ ફોર્સની વધુમા વધુ જરૂર પડશે. અને તે કારણે તમામ પોલીસ કર્મચારીઓની રજા કેન્સલ કરી તેઓને ફરજિયાત ફરજ પર હાજર થવા માટે સૂચના આપવામાં આવી છે. આવશ્યક સંજોગો અને કોરોનાગ્રસ્ત પોલીસ કર્મચારીઓને જ રજા આપવામાં આવશે. તે સિવાયની વધારાની રજાઓ આપવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં કોરોના કાબૂ બહાર જતાં ગુજરાત હાઈકોર્ટે સરકારને લોકડાઉન કે કરફ્યૂ લાદવા માટે નિર્દેશ કર્યો હતો. હાઈકોર્ટના સૂચન બાદ રૂપાણી સરકારે રાજ્યના ૮ મહાનગરો સહિત ૨૦ શહેરોમાં નાઈટ કરફ્યૂ લાદી દીધો હતો. અને રાત્રે ૮થી સવારના ૬ સુધી નાઈટ કરફ્યૂ લાગુ કરવામાં આવ્યો છે. આ આદેશોનું કડકપણે પાલન થાય તે માટે હવે પોલીસે બાંયો ચઢાવી લીધી છે.

## યુએઈની મદદથી ભારત-પાકિસ્તાન વચ્ચે યોજાશે શાંતિવાર્તા

ન્યુ દિલ્હી,

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલો તણાવ હવે ધીમે ધીમ ઘટવા લાગ્યો છે અને ટુંક સમયમાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને પાકિસ્તનના પ્રધાનમંત્રી ઈમરાન ખાન વચ્ચે મુલાકાત થાય તેવી શક્યતા છે. પાકિસ્તાની સેના પ્રમુખ જનરલ કમર જાવેદ બાજવાએ ભારત સાથે વાતચીત શરૂ કરી દીધી છે જેથી કરીને બંને દેશોના પ્રધાનમંત્રીઓ વચ્ચે મુલાકાતનો



રસ્તો તૈયાર કરી શકાય. બ્રિટિશ સમાચારપત્ર ફાઈનાન્સિયલ ટાઈમ્સે ત્રણ સૂત્રોના હવાલાને ટાંકીને આ દાવો કર્યો છે.

સમાચારપત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે આ શાંતિવાર્તામાં સંયુક્ત અરબ અમિરાત મદદ કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જનરલ કમર બાજવાએ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવાલને કહ્યું છે કે, તે કાશ્મીરમાં લડાઈ રોકવાની જાહેરાત કરે. સમાચારપત્રનો દાવો છે કે, આ વાતચીત એવા સમયે થઈ રહી છે કે જ્યારે બંને દેશો સામે કોરોના વાયરસના ખતરા વચ્ચે પોતાના દેશોની અર્થવ્યવસ્થાને ફરીથી મજબુત કરવાનો પડકાર ઉભો છે.

સમાચારપત્રએ દાવો કર્યો છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે કથિત રૂપે યૂએઈના શાસક મોહમ્મદ બિન ઝાયદ અલ નહયાન તરફથી કરાવવામાં આવી રહી છે. તેમના પ્રયાસો બાદ જ ૨૫ ફેબ્રુઆરીએ બંને દેશો વચ્ચે સીઝફાયરને અસરકારક રીતે લાગુ કરવાને લઈને સહમતિ સધાઈ હતી. હવે સરહદે વ્યાપાર અને કોરોનાથી બચવા સાથેમળીને કામ કરી શકે છે. જો બધુ સમુસુતરૂ રહ્યું તો બંને દેશોના પ્રધાનમંત્રી આગામી ૧૨ મહિનામાં મુલાકાત કરી શકે છે.

પડદા પાછળ ચાલી રહેલી

(અનુ.પાના.નં.૨)

## વિવાદ: સેના હટાવવા અંગે ૯ એપ્રિલે વાત કરશે ભારત-ચીન

ન્યુ દિલ્હી,

પૂર્વીય લદ્દાખના પૈંગોગ સરોવર વિસ્તારમાંથી પોત-પોતાની સેના પાછી હટાવ્યા બાદ ભારત અને ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પરના સંઘર્ષવાળા અન્ય બિંદુઓ અંગે વાતચીત કરશે. બંને દેશ વચ્ચે ૯ એપ્રિલના રોજ સૈન્ય કમાંડર સ્તરની આ વાર્તા યોજાય તેવી શક્યતા છે. તેમાં લદ્દાખના ગોગરા, હોટ સ્પ્રિંગ અને ડેપસાંગ મેદાનમાંથી સેનાઓને પાછી હટાવવા અંગે વાતચીત થઈ શકે છે.

બંને દેશ વચ્ચે સૈન્ય સ્તરની આ વાર્તા રાજદ્વારી સ્તરના વાર્તાલાપ બાદ તાત્કાલિક થઈ રહી છે. તેમાં રાજદ્વારી સ્તરની વાતચીત દરમિયાન જે મુદ્દાઓ ઉઠાવવામાં આવેલા તેના પર વિસ્તારથી ચર્ચા થાય તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, બંને દેશ વચ્ચે આશરે એકાદ વર્ષ સુધી એલએસી મામલે વિવાદ ચાલ્યો હતો જેમાં ગત મહિને પૈંગોગ સરોવર વિસ્તારના વિવાદનો અંત આવ્યો છે. બંને દેશો સૈન્ય અને રાજદ્વારી સ્તરે વાર્તાઓના લાંબા દોર પછી સરોવરના અથડામણવાળા વિસ્તારમાંથી સેનાઓ પાછી હટાવવા સહમત થયા હતા. હિતધારકોએ તેનો શ્રેય સેના પ્રમુખ જનરલ એમએમ નરવણેને આપ્યો હતો.


### મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ
ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં ઢીંકવા બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

**ગુલાબભાઈ રેમાભાઈ રાઠવા**
ઢીંકવા,
તા.હાલોલ, જી.પંચમહાલ

### મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ
ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં અભેટવા બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

**મધુબેન સંજયભાઈ રાઠોડ**
અભેટવા,
તા.હાલોલ, જી.પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**દિનુભાઈ માવસીંગભાઈ બારીઆ**
મુ. ઉધાવાળા-૨-સચાગલી જુના શાકમાર્કેટ, તા. દે.બારીઆ


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**રાજેશકુમાર બાબુભાઈ પરમાર**
મુ. પીપલોદ-ખાડાકુવા ફળીયું, તા. દે.બારીઆ

# મહીસાગર જિલ્લામાં ૪૫ વર્ષથી વધુની વયના ૧.૩૭ લાખ ઉપરાંતના નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન અપાઇ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, વૈશ્વિક મહામારી કોરોનાને એક વર્ષ કરતા વધુ સમય થયો છે. ત્યારે આ મહામારીને પહોંચી વળવા કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા રસીકરણ અભિયાન કાર્યરત કરવામાં આવેલ છે. કોરોના વોરિયર્સ, ફ્રન્ટલાઈન વર્કરને કોરોના પ્રતિરોધક રસી આપ્યા બાદ મહીસાગર જિલ્લામાં ૬૦ પ્લસ અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોને કોરોના વિરોધી રસીકરણ હેઠળ આવરી લેવાની હાથ ધરાયેલી ખાસ ઝુંબેશના ભાગરૂપે રસીકરણની કામગીરી જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ આગળ ધપી રહી છે.

ત્યારે ૬ એપ્રિલ સુધીમાં બાલાસિનોર તાલુકામાં ૨૧૦૭૭,સંતરામપુર તાલુકામાં ૩૧૮૧૭, લુણાવાડા તાલુકામાં ૩૬૭૯૨, ખાનપુર તાલુકામાં ૧૪૯૯૦, કડાણા તાલુકામાં ૧૬૧૨૩ અને વિરપુર તાલુકામાં ૧૬૫૯૩ મળી જિલ્લાના કુલ ૧,૩૭,૩૯૨ જેટલા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવી. કોરોના સામે રક્ષણ આપતી રસી મૂકાવા માટે નાગરિકોમાં પણ હવે સ્વયંભૂ જાગૃતિ આવી હોવાનું જોવા મળી રહ્યું હતું.

જીલ્લા કલેકટર આર. બી. બારડે જણાવ્યું કે મહીસાગર જિલ્લામાં જેમણે વેક્સીન લીધી છે. તેઓએ તેમની આસપાસના દસ વ્યકિતને સમજાવી અને બીજા દસ જણાને વેક્સીન અપાવવા સહયોગ કરે જેથી વધુમાં વધુ વ્યકિતઓ સમજે અને ખૂબ પ્રમાણમાં વેક્સીનેશન થાય અને આ મહામારી કાબુમાં આવી શકે તે માટે અપીલ કરી હતી. સાથે સાથે વેક્સીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે. જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં-ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

## મહીસાગરમાં ડેડીકેટેડ કોવિડ કેર સેન્ટર અને ડેડીકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર સરકારની ગાઇડલાઇનને ધ્યાને લઇ કાર્યરત કરી શકાશે

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં સરકારની સૂચનાઓ અનુસાર ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની તા.૦૭/૦૪/૨૦૨૦ ની ગાઇડલાઇન મુજબ જિલ્લામાં ડેડીકેટેડ કોવિડ કેર સેન્ટર રૂા.૧૫૦૦/- (મહત્તમ ચાર્જ પ્રતિદિન, રેમડેસિવર ઈન્જેક્શન દવાના ખર્ચ સિવાય) અને ડેડીકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર રૂા.૨૦૦૦/- (મહત્તમ ચાર્જ પ્રતિદિન, રેમડેસિવર ઈન્જેકશન દવાના ખર્ચ સિવાય) માં જરૂરીયાત મુજબ કલેકટરની મંજુરીથી કોઈપણ વ્યકિત કે સંસ્થા કાર્યરત કરી શકે છે. જિલ્લામાં આવેલ જુદા જુદા સંગઠનો, સામાજિક સંગઠન ધાર્મિક સંગઠન પોતાની પાસે મોટો હોલ કે જગ્યા ઉપલબ્ધ હોય તેને ધ્યાનમાં રાખી અને એમબીબીએસ કક્ષાના ડોક્ટર જિલ્લામાં ડેડીકેટેડ કોવિડ કેર સેન્ટર અને ડેડીકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર ગાઇડલાઇનને ધ્યાને લઇ કાર્યરત કરી શકાશે. જેના કારણે લોકોને ખૂબ જ સસ્તા દરે સ્થાનિક કક્ષાએ જ સેવા ઉપલબ્ધ થશે અને ગંભીર બીમારીથી બચી શકશે. જેની લાગતા વળગતાએ નોંધ લેવા જિલ્લા કલેક્ટરએ જણાવ્યું છે.

# મહીસાગરમાં આજે ૪૧ પોઝિટિવ કેસ નોંધાયા : જિલ્લામાં કોરોનાના કુલ ૨૬૩૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૭ પુરૂષ, કડાણા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૬ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૭-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૨૬૩૩ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૨૯૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૦ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૯ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૧૫૨૮૬૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૮૫ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૯ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૩૨ દર્દી હોમ આઇસોલેશન, ૧૬ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૨૦ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૫૬ દર્દીઓ સ્ટેબલ અને ૨૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૬ વેન્ટીલેટર પર છે.

## લુણાવાડા પોલીસ દ્વારા કોવીડ-૧૯ ની ગાઇડલાઇનનો ભંગ કરતા ઇસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં કોરોના વાયરસના (કોવિડ-૧૯) પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઈ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે ભારત સરકારની કોવીડ - ૧૯ ની ગાઇડલાઇનનો ભંગ કરતા ઇસમો વિરૂધ્ધ પોલીસ અધિક્ષક મહીસાગર તરફથી હાલમાં ચાલી રહેલ વૈશ્વિક મહામારી કોવીડ-૧૯ સંક્રમણના ફેલાવા બાબતે કોવીડ-૧૯ ની ગાઈડલાઈન નો ભંગ કરતા ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સુચનાઓ મુજબ લુણાવાડા પોલીસ દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૧ રોજ તકેદારીના ભાગરૂપે લુણાવાડાના જુદા જુદા વિસ્તારોમાં પેટ્રોલીંગ કરી કુલ -૩૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવેલ છે.તેમજ કોવીડ-૧૯ ની ગાઇડ લાઇનનો ભંગ કરતા ઇસમો વિરૂધ્ધમાં IPC કલમ.૨૬૯,૨૭૦ તથા એપીડેમીક એકટની કલમ.૩ (૧) મુજબ કુલ -૯ કેસો કરવામાં આવેલ છે.તેમજ માસ્ક પહેર્યા વિના ફરતા કુલ-૬ ઇસમોને માસ્ક એન.સી.આપી કુલ-૬૦૦૦/- રૂપીયા દંડ વસુલ કરવામાં આવેલ છે.

## આ મહિનાના અંત સુધી સરકારી કચેરીઓની મુલાકાત ટાળવા દાહોદ જીલ્લા કલેક્ટરની અપીલ



દાહોદ, દાહોદ જિલ્લામાં કોરોનાના કેસો સતત વધી રહ્યાં છે ત્યારે એ જરૂરી છે કે નાગરિકો બિનજરૂરી બહાર ન નીકળે અને મેળાવડા-મુલાકાતોથી દૂર રહે. કલેક્ટર વિજય ખરાડીએ આ સંદર્ભમાં જિલ્લાના નાગરિકોને અપીલ કરી છે કે, આ મહિનાના અંત સુધી એટલે કે ૩૦ એપ્રીલ સુધી તેઓ સરકારી કચેરીઓની મુલાકાત લેવાનું ટાળે. ખૂબ જરૂરી અને ટાળી ન શકાય તેવું કારણ હોય તો જ સરકારી કચેરીઓની મુલાકાત લેવા તેમણે જણાવ્યું છે.

તેમણે જણાવ્યું કે, સરકારી કચેરીઓમાં પણ ઘણાં કર્મચારીઓના કોરોના રીપોર્ટ પોઝિટિવ આવી રહ્યાં છે અને કચેરીઓ ખાતે સરકારી કામ અર્થે લોકોની ભીડ પણ થતી હોય છે. જે અત્યારના તીવ્રતાથી વધી રહેલા કોરોના સંક્રમણના સમયમાં ખૂબ જ ઘાતક સાબિત થઇ શકે છે. રાજય સરકારે પણ આ મહિનાના દરેક શનીવારે સરકારી કચેરીઓ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે ત્યારે કોરોનાને અટકાવવા માટે નાગરિકો આગામી ૩૦ એપ્રીલ સુધી સરકારી કચેરીઓની મુલાકાત ન જ લે તે હિતાવહ છે. ઉપરાંત અત્યારના સમયમાં સામાજિક મેળાવડા-પ્રસંગોથી પણ દૂર રહેવું જોઇએ અને બને તો તેનું આયોજન પણ ટાળવું જોઇએ. આગામી રજાઓના દિવસોમાં ઘરે જ રહેવું જોઇએ. ઘરથી બહાર નીકળો એટલે માસ્ક ફરજીયાત પહેરવું, જાહેર સ્થળોએ સામાજિક અંતરનું પાલન અવશ્ય કરવું એ અત્યારના કોરોના સંક્રમણથી બચવા ખૂબ જ જરૂરી છે.

## કડાણાના ડીટવાસ ગામના મહિલા સાથે બોલાચાલી કરી મારપીટ કરી ધમકી આપતા ફરિયાદ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના ડીટવાસ ગામના એક મહિલા અને એક વ્યકિત વચ્ચે દંડના પૈસા પાછા આપવા બાબતે બોલાચાલી થતાં ઉશ્કેરાઈને મહિલાને તથા તેના સંબંધિને મારપીટ કરી ધમકીઓ આપી હતી.

કડાણા તાલુકાના ડીટવાસ ગામના વતની માલીબેન ભુરાભાઈ ડામોરના ઘરે તેમના કુટુંબી કાકા મોતીભાઈ ચુફાભાઈ ડામોરે દારૂ પીને અમારા દંડના પૈસા પાછા આપી દે તેમ કહી ગાળો બોલી ધમકી આપી હતી. આ બનાવની ફરિયાદ માલીબેન ભુરાભાઈ ડામોર કડાણા પોલીસમાં ત્રણ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

# મહિસાગર જીલ્લામાં ૨૦૦ થી વધુ વિસ્તારો કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરાયા




લુણાવાડા, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કોરોના વાયરસ (કોવિડ-૧૯)ને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ મહામારીને ફેલાવો અટકે તે માટે ભારત-રાજય સરકાર દ્વારા વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે એક જાહેરનામાથી ધી ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન, ૨૦૨૦ જાહેર કરેલ છે.

મહીસાગર જિલ્લામાં કોરોના વાયરસ(કોવિડ-૧૯) પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઇ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે ભારત સરકારની ગાઇડલાઇન મુજબ કડાણા તાલુકાના કેટલાંક ગામોમાં કોરોના ટેસ્ટ પોઝીટીવ મળી આવતાં વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે લોકોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવા જરૂરી હોઇ મહીસાગર-લુણાવાડાના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ આર. બી. બારડે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૨૬(૨) મુજબ અને ધી એપેડેમિક ડિસિઝ એક્ટ-૧૮૯૭ની કલમ-૨ થી મળેલ સત્તાની રૂઇએ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ બાલાસિનોર, લુણાવાડા, કડાણા ખાનપુર, સંતરામપુર તેમજ નગરપાલિકાના વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. હાલ મહિસાગર જીલ્લામાં ૨૦૦ થી વધારે વિસ્તારો કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. તેમજ નગરપાલિકા વિસ્તારમાં સોસાયટીઓને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે.

આ વિસ્તારો સહિત દરેક વિસ્તારોમાં ફરજિયાત માસ્ક પહેરવું, સોશિયલ ડીસ્ટન્ટસ જાળવવાની સાથે ભારત-રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવતા વખતોવખતના જાહેરનામાઓ, હુકમો અને માર્ગદર્શિકાઓનું પણ ચુસ્ત પાલન કરવાનું રહેશે. આ હુકમનો અમલ તાત્કાલિક અસરથી અન્ય કોઇ હુકમ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઇમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યકિતઓ અને વાહનોને લાગુ પડશે નહીં.

## મહીસાગર જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે વર્ષ-૨૦૨૧-૨૨ માટે આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાયુ

લુણાવાડા, નાણાકીય વર્ષઃ ૨૦૨૧-૨૨ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે બાગાયતદાર ખેડુતોને સહાય આપવાના કાર્યક્રમ માટે તા.૧૫/૦૫/૨૦૨૧ સુધી I-khedut Portal ખુલ્લુ મુકવામાં આવ્યું છે. મહીસાગર જિલ્લામાં બાગાયતી ખેતી કરતા ખેડૂતો બાગાયત ખાતાની યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતોએ I-khedut Portal (web site : www.ikhedut.gujarat.gov.in ) માં જણાવેલ સમય દરમ્યાન પોતાના ગામના ઈ ગ્રામ સેન્ટર કે કોઇ ખાનગી ઈન્ટરનેટ ઉપરથી ૭/૧૨, ૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઇ જઇને લાભ લેવા સમયસર અરજી કરવાની રહેશે.

અરજી કર્યા બાદ અરજીની કોપી અને ઉપર જણાવેલ જરૂરી સાધનીક કાગળો સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી, બ્લોક-૧૪, સરદાર પટેલ વિદ્યાલય પાસે, લુણાવાડા- મહીસાગર ખાતે અચુક જમા કરાવવાના રહેશે. તેમ નાયબ બાગાયત નિયામક મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## દાહોદ પડાવ વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા હલકી કરવા માર્કેટયાર્ડથી ઈન્દૌર હાઈવેને જોડતા ઓવરબ્રિજનું કામ શરૂ

દાહોદ, દાહોદની પડાવ માર્કેટ વિસ્તારમાં ટ્રાફિકની વિકટ સમસ્યા હળવી બનાવવા માર્કેટયાર્ડ થી ઈન્દૌર રોડને જોડતા ઓવરબ્રિજનુ કામ ચાલુ કર્યુ છે. વિવાદમાં ફસતા બ્રિજનુ કામ આ અગાઉ મોકુફ રખાયુ હતુ.

આ માર્ગ ઉપર એમજીવીસીએલ તરફથી દબાણ કરીને ૧૬ મીટરનો રોડ સાંકડો થઇ આઠ મીટરનો થઈ ગયો હતો. વખતો વખત એમજીવીસીએલને જણાવાયા છતાં દબાણો નહિ હરાવાતા આખરે નવા ચુંટાયેલા સભ્યોએ તંત્ર વાહકો સાથે બેઠક કરી બંધ પડેલી બ્રિજની કામગીરી પુનઃ હાથ ધરાવા સંમતિ અપાઈ હતી. વારંવાર દાહોદ પાલિકાના સત્તાધિશોએ દાહોદ એમજીવીસીએલને આ રોડ ઉપરના વધારાના દબાણ ખાસ કરીને આઠ મીટરના દબાણ દુર કરવામાં આવે પરંતુ દાહોદ એમજીવીસીએલ એ દબાણ દુર કર્યા ન હતા. બે વર્ષ પહેલા કોર્ટમાં આ પ્રશ્ન મુકાયો હતો. પરંતુ કોર્ટે એમજીવીસીએલ ને કોઈ સ્ટે આપ્યો નથી આજે દાહોદ નગરપાલિકાએ આ રસ્તા ઉપરથી દબાણ દુર કરતા પહેલા દાહોદ એમજીવીસીએલ ને પાલિકાએ જાણ પણ કરી હતી. બીજી તરફ નજીકમાં આવેલ બ્રિજનુ કામકાજ સત્વરે ચાલુ કરવુ પડે તેમ છે. જેનાથી શહેરની બહુ મોટી ટ્રાફિક સમસ્યાઓ હલ થાય તેમ છે. અને જેટલા પણ એપીએમસીમાં ભારે વાહનો આવે છે તે તમામ આ રસ્તા ઉપરથી આવે છે જેથી શહેરની અંદર ભારે વાહનો અને ટ્રાફિક ઘટી જાય અને રોડ ઉપરનુ ભારણ ઘટે એટલા માટે હવે નાછુટકે વારંવાર એમજીવીસીએલને સુચના આપવા છતાં પણ કોઈ પગલા નહિ ભરતા નાછુટકે દાહોદ પાલિકાએ આ કામગીરી કરી હતી.

## (પાન નં.૧ નું ચાલુ)

### યુએઈની મદદથી ભારત....

વાતચીત સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે કે, પીએમ મોદી અને ઈમરાન ખાન વચ્ચે મુલાકાતની તૈયારી માટે વરિષ્ઠ અધિકારી સ્તરે ચાલી રહી છે. સમાચારપત્રએ દાવો કર્યો છે કે, ભારતના જમ્મુ-કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો ખતમ કર્યા બાદ જ જનરલ બાજવા ભારત સાથે શાંતિ વાતચીત પર ભાર આપી રહ્યાં છે.

પાકિસ્તાને જાહેરાત કરી હતી કે, ભારત સાથે તમામ પ્રકારની વાતચીત ત્યારે જ શક્ય બનશે જ્યારે ભારત કાશ્મીરમાં યથાસ્થિતિ પૂર્વવત કરશે. આ દરમિયાન પાકિસ્તાની સેનાના પ્રવક્તાએ કહ્યું હતુ કે, જનરલ બાજવાની શાંતિ વાર્તાની વાતચીત માત્ર અફવા છે. જોકે ભારતીય અધિકારીએ કહ્યું હતું કે, વાતચીત ચાલી રહી છે અને ઈમરાન ખાન સરકારનું આ નિવેદન પોતાના કટ્ટરપંથીઓને ખુશ કરવા માટેનું છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, જનરલ બાજવા ભારત સાથે ચાલી રહેલા અત્યંત ખર્ચાળ સૈન્ય તણાવનો અંત લાવવા બરાબરના તરફડીયા મારી રહ્યાં છે. સાથે જ તે અમેરિકા સાથેના પોતાના સંબંધોને પણ સુધારવા માંગે છે.

એવુ પણ કહેવાય છે કે, જમ્મુ-કાશ્મીરમાં ઘુષણખોરીની ગતિવિધિઓ ઘણા ખરા અંશે ઘટી ગઈ છે. પાકિસ્તાનના અમેરિકામાં પૂર્વ રાજદૂત હુસૈન હક્કાનીએ કહ્યું હતું કે, પાકિસ્તાન વિશ્વસનિયતાના સંકટ સામે ઝઝુમી રહ્યું છે અને તેને આગળ વધવા માટે તેનું સમાધાન લાવવું જરૂરી છે. બીજી બાજુ પાકિસ્તાન દેવાના દબાણ હેઠળ પણ પિસાઈ રહ્યું છે. ઈમરાન ખાન સરકાર પોતાના વાતદા પુરા નથી કરી શકતી. આ દબાણના કારણે જ તેને ભારત સાથે શાંતિ વાર્તા ફરી યથાવત કરવી પડી રહી છે.

### મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીની....

આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીના કાર્યાલયમાં પણ કોરોના સંક્રમણ ફેલાયું છે. નિતિન પટેલના કાર્યાલયમાં ત્રણ કેસ નોંધાયા છે. બે કમાંડો અને એક પ્યુન કોરોના સંક્રમિત થયા છે. અન્ય કર્મચારીઓના પણ ટેસ્ટ કરાઈ રહ્યા છે.

આ સિવાય રાજ્યના કૃષિ મંત્રી આર.સી. ફળદુની ઓફિસમાં પણ અગાઉ અધિકારી-કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યા છે. રાજ્યના કૃષિ મંત્રી આર સી ફળદુ હોમ કવોરંટાઈન થયા છે. તેમના પત્નીને કોરોના પોઝિટિવ આવતા હોમ કવોરંટાઈન થયા છે. આર સી ફળદુના ગાર્ડ પણ કોરોના પોઝિટિવ આવ્યા હતા.

ઉપરાંત ગૃહમંત્રી અને મહેસૂલ મંત્રીનો સ્ટાફ પણ કોરોનામાં સપડાયો છે. મંત્રી પછી કાર્યાલયના કર્મચારીઓને કોરોના થયો છે. મહેસૂલ મંત્રીના પીએસ ઉપરાંત છ કર્મચારી, ગૃહમંત્રીના ચાર કર્મચારી-બે કમાન્ડોને કોરોના થયો છે. ગૃમંત્રી પ્રદિપસિંહ જાડેજાના કાર્યાલયમાં પણ સંક્રમણનું પ્રમાણ વધ્યુ છે. પ્રદીપસિંહ જાડેજા સહિત ૭ લોકો કોરોના સંક્રમિત થયા છે. મંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિત કાર્યાલયમાં કામ કરતા ૪ કર્મચારીઓ અને સુરક્ષામાં તૈનાત ૨ કમાંડો સહિત કુલ ૭ લોકો કોરોના સંક્રમિત થયા છે.

## ગુજરાતઃ સમગ્ર વેપાર વિકાસ એસોસિએશન દ્વારા ૭ દિવસના લોકડાઉનની કરી માંગ

વડોદરા, ગુજરાતમાં કોરોનાએ કાળો કેર વર્તાવતા રાજ્યની વિજય રૂપાણી સરકારે ૨૦ શહેરોમાં નાઈટ કર્ફ્યૂ લગાવી દીધું છે. તેમજ ગામડાઓ સ્વૈચ્છિક રીતે લોકડાઉન લગાવી રહ્યા છે. આ બધાની વચ્ચે વડોદરામાં સમગ્ર વડોદરા વેપાર વિકાસ એસોસિએશન દ્વારા લોકડાઉનની માંગણી કરવામાં આવી છે.

એસોસિએશનના કન્વીનર પરેશ પરીખે વડોદરાના વેપારીઓની ૭ દિવસના લોકડાઉનની માંગ કરી છે. કોરોનાની ચેઈન તોડવા લોકડાઉન જરૂરી હોવાનું પરેશ પરીખે જણાવ્યું છે. વીસીસીઆઈ, હાથીખાના અનાજ કરિયાણા એસોસિએશન, ચાર્ટડ એકાઉન્ટ એસોસિએશનને પણ સમર્થન કર્યું છે. આ ઉપરાંત રાજકીય મેળાવડા પણ રોકવા માંગ કરવામાં આવી છે. સમગ્ર વડોદરા વેપાર વિકાસ એસોસિએશનમાં ૭૦ હજાર વેપારીઓ છે.

તાપી જિલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણને લઈ ગ્રામ્ય વિસ્તારના લોકો પણ જાગૃત થયા છે. જિલ્લાના વાલોડ તાલુકાના બુટવાડા ગામના લોકોએ સ્વૈચ્છિક લોકડાઉનનો નિર્ણય કર્યો છે. ગામમાં આવતા ફેરિયા,બહારના સગા સંબંધી અને ગામના લોકોએ બહાર ન જવાનો નિર્ણય કર્યો છે. ભાજપના સહકારી આગેવાન નરેશ પટેલનું ગામ છે બુટવાડા. સ્વૈચ્છિક લોકડાઉનની જાણ સોશિયલ મીડિયામાં મેસેજ કરી લોકોને કરવામાં આવી છે.

ગોંડલના ગોમટા ગામમાં અનોખી જાગૃતિ જોવા મળી હતી. ગામ લોકોએ સ્વૈચ્છિક રીતે આંશિક લોકડાઉનની જાહેરાત કરી છે. ગ્રામ પ્રંચાયત દ્વારા આગામી જાહેરાત ન થાય ત્યાં સુધી લોકડાઉન લગાવી દીધું છે. ગામમાં એક સાથે ૪ લોકોએ ભેગા થવા પર પ્રતિબંધ લગાવ્યો છે. સવારે ૩ કલાક અને સાંજે ૩ કલાક દુકાનો ખુલી રાખી શકશે. મેડિકલ સિવાય કોઈપણ દુકાનો ખુલી નહિ રખાય.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૮-૦૪-૨૦૨૧, ગુરુવાર, ફાગણ વદ-૧૨, સૂર્યોદય-૬-૨૫, સૂર્યાસ્ત-૬-૫૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ :- (ગ.શ.સ.ષ):, નક્ષત્રઃ પૂર્વાભાદ્રપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૮.૦૪.૨૦૨૧ ગુરૂવાર

મેષ રાશી (અ.લ.ઈ): તમારા કરિયર માટે સમય શુભ છે. યોગ્ય દિશામાં મહેનત કરવાથી પૂર્ણ સફળતા મળશે. પરિવાર અને મિત્રો સાથેનો મતભેદ દૂર થશે. આર્થિક સ્થિતિ મજબૂત થશે.

વૃષભ રાશી (બ.વ.ઉ): શેર માર્કેટ, કમીશન, એજેન્સીના માધ્યમથી ધન લાભના યોગ બની રહ્યા છે. પ્રેમ સંબંધો માટે પણ સમય સારો છે. સ્વાસ્થ્યમાં સુધારાની સ્થિતિ બની રહી છે. ચિંતા ના કરો.

મિથુન રાશી (ક.છ.ઘ): તમારા કરિયર માટે સમય સારો છે. કાર્યક્ષેત્રમાં તમારાં વખાણ થશે. ઉચ્ચાધિકારીઓ સાથે સંબંધ મધુર બનશે. અધીનસ્થોંને સાથે લઈ ચાલવું પડશે. કારોબારી લોકો કાર્યનું વિસ્તરણ કરશે.

કર્ક રાશી :- (ડ.હ): નવું કામ પ્રારંભ કરવા માંગતા હોવ તો અવશ્ય કરો. મિત્રોના સહયોગથી મોટી યોજનાઓ સાકાર કરી શકશો. અવિવાહિતોના વિવાહની વાત બની શકે છે. ખર્ચો ઘટશે.

સિંહ :- (મ.ટ):પ્રેમ સંબંધો માટે સમ સારો રહેશે. માનસિક રૂપે રાહત મહેસૂસ કરશો. પૈતૃક સંપત્તિને લઈ ભાઈ-ભાંડેળાઓ સાથે બગડેલા સંબંધ સુધરી જશે. સ્વાસ્થ્યને લઈ સતર્ક રહો.

કન્યા :- (પ.ઠ.ણ): આર્થિક રોકાણ કરવા માટે સમય સામાન્ય છે. આવકના નવા સ્રોત મળી શકે છે. બિઝનેસમાં ઉતાર-ચઢાવ થોડી હદે અટકશે. સ્વાસ્થ્ય બગડી શકે છે. સતર્ક રહેવું જરૂરી છે.

તુલા :- (ર.ત): વિવાહિત લોકો સારો સમય વિતાવશે. સ્વાસ્થ્યમાં સતત સુધારો થઈ રહ્યો છે. ભૂમિ, સંપત્તિ ખરીદવાના યોગ છે.

વૃશ્ચિક :- (ન.ય): વાયરસ સંક્રમણ, કફ, ફેફસાં સંબંધી રોગ આવી શકે છે. આર્થિક અનુબંધ કરતી વખતે સાવધાની રાખો. તમામ દસ્તાવેજ સરખી રીતે ચેક કરી લો.

ધન :- (ભ.ધ.ફ.ઢ): જવિવાદિત સ્થિતિઓથી ખુદને દૂર રાખવાનો પ્રયત્ન કરો. ધન સંબંધી કોઈ સ્કીમ તરફ સમજ્યા વિચાર્યા વિના આકર્ષિત ના થવું. જીવનસાથી સાથેના સંબંધ પહેલેથી વધુ સુધરશે.

મકર :- (ખ.જ): સ્વાસ્થ્યના હિસાબે પણ અઠવાડિયું ઠીક રહેશે. ભૂમિ, સંપત્તિ, કૃષિ વગેરેના કાર્યોથી લાભ મળશે. સમય અનુકૂળ છે રોકાણ કરવા માંગતા હોવ તો જરૂર કરો.

કુંભ :- (ગ.શ.સ.ષ): પરિવાર સાથે સમય વિતાવવાથી મતભેદ દૂર થશે. દાંપત્ય જીવન માટે સમય સારો છે. ધાર્મિક કાર્યોમાં ભાગ લેશો. સ્વાસ્થ્ય સારું થઈ રહ્યું છે. બીમારીઓ પર થઈ રહેલો ખર્ચો પણ ઘટશે. નવાં કાર્યો શરૂ કરશો.

મીન :- (દ.ચ.ઝ.થ): તમારા ક્રોધ અને વાણીને નિયંત્રિત રાખવાની છે. કોઈ તમને ઉકસાવવાનો પ્રયત્ન કરે તો જવાબ ના આપો. શાંત રહો. બાહરી ખાણીપીણીનું ધ્યાન રાખો.

# દાહોદમાં કોરોના સંક્રમણને લઈ કરફ્યુ એલાન કરતાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

દાહોદ,
ગુજરાતમાં કોરોના સંક્રમણના વધતાં કેસોને કારણે ગુજરાત સરકાર દ્વારા રાત્રી કરફ્યુનું એલાન કરવામાં આવ્યું છે. રાત્રીના ૦૮ થી સવારના ૦૬ વાગ્યા સુધી ગુજરાતના ૨૦ જિલ્લાઓમાં આ રાત્રી કરફ્યુ લાદવામાં આવનાર છે જેમાં દાહોદ જિલ્લાનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. દાહોદ શહેરમાં આજથી રાત્રીના ૦૮ થી સવારના ૦૬ વાગ્યા સુધી સતત પેટ્રોલીંગ, ચેકપોસ્ટો, પોલીસ મથકોએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવનાર છે. દાહોદ શહેરમાં ૨૦ જેટલા સ્થળોએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે પેટ્રોલીંગ કરવામાં આવનાર છે. આ કામગીરીમાં પોલીસ દ્વારા કુલ ૧૦૨ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવશે.

દાહોદ શહેરમાં આજથી સાંજે ૦૮ થી સવારના ૦૬ વાગ્યા સુધી લોકડાઉન (કરફ્યું) લાદવામાં આવનાર છે. શહેરમાં રાત્રી કરફ્યુનું ચુસ્ત પણે પાલન થાય તેવા હેતુ સર દાહોદ શહેર પોલીસ દ્વારા શહેરમાં કુલ ૧૦૨ પોલીસ કર્મચારીઓ વિવિધ જગ્યાએ તૈનાત કરી દેવામાં આવ્યાં છે જેમાં સરસ્વતી સર્કલ, ગોધરા રોડ જકાત નાકા, યાદગાર ચોક, પડાવ ચોકી નંબર ૦૨, ગરબાડા – જેસાવાડા જવાની ચોકી, મોટી શાક માર્કેટ ગરબાડા ચોકડી, જુના ઈન્દૌર રોડ સ્વામીનારાયણ મંદિર પાસે, રાધે રેસીડન્સી પોલીસ સહાયતા કેન્દ્ર, ચાકલીયા ચોકડી, રામા હોટલ, એસ.ટી. સ્ટેશન બહારના ભાગે, ચોકી નંબર ૦૧ વિસ્તાર, ચોકી નંબર ૦૨ વિસ્તાર પર મોટરસાઈકલ પેટ્રોલીંગ, ચોકી નંબર ૦૩ વિસ્તાર ખાતે પણ મોટરસાઈકલ પેટ્રોલીંગ, ચોકી નંબર ૦૪, ચોકી નંબર ૦૫, ચોકી નંબર ૦૬ પર મોટરસાઈકલ પેટ્રોલીંગ, જિલ્લા ટ્રાફિક મોબાઈલ ચોકી નંબર ૬,૩ વિસ્તારમાં પેટ્રોલીંગ, ટાઉન સેકન્ડ મોબાઈલ, ટાઉન ફસ્ટ મોબાઈલ વિગેરે સ્થળોએ આજથી પોલીસ ચુસ્ત પોલીસ બંદોબ્સત ગોઠવી દેવામાં આવશે જેમાં ૦૧ પી.આઈ., ૦૪, પી.એસ.આઈ., ૫૭ પોલીસ જવાનો, ૧૦ એસ.આર.પી., એચ.ચી./ જી.આર.ડી.ના ૩૦ જવાનો મળી કુલ ૧૦૨ જવાનો ફરજ પર હાજર રહેનાર છે.

# દાહોદ નવજીવન કોલેજ ખાતે આર્યુવૈદિક દવાનું વિતરણ કરાયું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ.એકમ દ્વારા તાલુકા આરોગ્ય કચેરી, દાહોદ ના સહયોગથી દાહોદ નગરમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા માટેની Aresenicum Album 30 હોમિયોપેથીક/Samsamani Vati આયુર્વેદિક દવાનું વિતરણ કરવામાં આવ્યું.

નવજીવન સાયન્સ કોલેજના એન.એસ.એસ. એકમ કોરોના મહામારીમાં હમેશાં સરકારી તંત્ર સાથે રહી તંત્રને મદદરૂપ થઇ સેવાકીય કાર્યો કરી રહ્યું છે. હાલ દિવસે ને દિવસે કોરોના કેસમાં વધારો થય રહયો છે. તે ધ્યાને લઇ તા. ૦૬/૦૪/૨૧ ના રોજ નવજીવન સાયન્સ કોલેજ એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા તાલુકા આરોગ્ય કચેરી દાહોદના સહયોગથી દાહોદ નગરના અલગ અલગ વિસ્તારમાં જેમકે ડબગરવાડ, વાંદરીયા, ગોધરા રોડ, ગલાલિયાવાડ, દોલતગંજ બજાર, વ્રજધામ સોસાયટી, ગોદીરોડ, લક્ષ્મી નગર જેવા અનેક વિસ્તારમાં જઇ રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે અતિયક્ષશભીળ ફહબીળ ૩૦ હોમિયોપેથીક / સંશમની વટી આયુર્વેદિક દવાનું ઘરે ઘરે જઇ લોકોમાં વિતરણ કરવામાં આવ્યું હતું અને માસ્કનો ઉપયોગ, COVID- 19 ની ગાઈડલાઇન નું પાલન કરવા અને રસીકરણ કરાવવા સ્વયંસેવકો દ્વારા નગરજનોને જણાવામાં આવ્યું હતું . આ સેવા કાર્ય થકી સ્વયંસેવકોએ ૩૩૦ થી વધુ ઘરે અને ૧૬૦૦ થી પણ વધારે નાગરિકોને આ દવા પોંહચાડી એક સરાહનીય કાર્ય કર્યું હતું. રાષ્ટ્રહિત માટે સેવા, યોગદાન અને સમય આપી સેવા કાર્ય કરવા માટે નવજીવન સાયન્સ કોલેજ પરિવાર સ્વયંસેવકોને અભિનંદન પાઠવે છે. આ સેવા કાર્યને નગરજનો દ્વારા પણ બિરદાવામાં આવ્યું હતું.

# દાહોદમાં કોવિડ ગાઈડ લાઈનનું પાલન નહિ કરતાં વેપારીઓ સામે તંત્રની લાલ આંખ

દાહોદ,
દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોના સંક્રમણના વધતાં કેસોને પગલે દાહોદ નગરપાલિકા તંત્ર એક્શન મોડમાં આવી છે અને પાલિકા હદ વિસ્તારમાં આવેલ વેપારીઓની દુકાને આજે ધામા નાંખ્યા હતા. જ્યારે ઘણા વેપારીઓ દ્વારા દુકાનમાં સાફ સફાઈના અભાવે અને સ્વચ્છતા ન જાળવતાં તેમજ દુકાનની આસપાસ કચરો જોવાતાં અને ઘણી દુકાનોમાં શોસીયડ ડિસ્ટન્સનો અભાવ જોવાતાં પાલિકા સત્તાધિશો દ્વારા આવા વેપારીઓ સામે લાલ આંખ કરી સ્થળ પરજ પાવતી ફાડી દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

દાહોદ શહેરી વિસ્તારમાં રોજેરોજ બજારોમાં ભારે ભીડભાડ જોવા મળી રહી છે અને તેમાંય હાલ લગ્નસરાની સીઝન હોઈ ખાસ કરીને દાહોદ શહેરના બજારોમાં ખરીદી માટે તેમજ અવર જવરની ખાસ્સી ભીડભાડ જોવા મળી રહી છે. બજારોમાં સોશીયલ ડિસ્ટન્સનો અભાવ, માસ્ક વગર ફરતાં લોકો પણ જોવા મળી રહ્યાં છે અને તેમાંય કોરોનાના વધતાં સંક્રમણને પગલે એક્શનમાં આવેલ પાલિકા તંત્ર દ્વારા આજરોજ શહેરના વેપારીઓને દુકાન સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરી હતી. જેમાં દુકાનની આગળ કચરો, સ્વચ્છતાનો અભવા તેમજ દુકાનમાં શોસીયડલ ડિસ્ટન્સ તેમજ કોરોના ગાઈડ લાઈનના નિયમોનો ભંગ થતો હોવાનું જણાતાં પાલિકાના સત્તાધિશો દ્વારા આવા વેપારીઓ કડક કાર્યવાહી હાથ ધરી સ્થળ પર જ ૫૦૦ રૂપીયાના દંડની વસુલાત કરી હતી. દંડ વસુલાત સાથે ઘણા વેપારીઓમાં નારાજગી સાથે રોષ પણ જોવા મળ્યો હતો અને ઘણી જગ્યાએ વેપારીઓ અને નગરપાલિકાના સત્તાધિશો વચ્ચે તું.. તું... મેં.. મે..ના દ્રશ્યો પણ જોવા મળ્યાં હતાં.

# દે.બારીયા શહેરના સમડી સર્કલ સામે પાણીની પાઈપ લાઈનમાં વેડફાતા પીવાનું પાણી ક્યારે બંધ થશે ?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા શહેરના સમડી સર્કલ જે બસ સ્ટેન્ડ વિસ્તારમાં અતિભરચક તથા વ્યસ્ત વિસ્તાર છે. સ્ટેશન શેરી વિસ્તારમાં પીવાના પાણીનું સપ્લાય કરાતી મુખ્યા પાઈપ લાઈન માંથી હજારો ગેલન કપરા ઉનાળામાં કિંમતી પાણી વેડફાતું કોણ અટકાવશે. આ પીવાના પાણીની પાઈપ લાઈન છેલ્લા સાત–આઠ માસ થી લીક્જિ થઈ છે. આ અંગે નગર પાલિકાના પાણી પુરવઠા વિભાગને વારંવાર જાણ કરવામાં આવતી હોવા છતાં સમારકાર્ય કરવામાં આવતું નથી. હાલમાં પુરાતવાળું બજેટમાં પીવાના પાણી તથા સુખકારીના કાર્યો માટે ખર્ચ કરવાનું બજેટ પણ મંજૂર થઈ ગયું છે. ત્યારે વહેલીતકે રોકાઈ ગયેલા રોડના તથા પીવાના પાઈપો નવિન નાખવા કાર્ય હાથ ધરમાં મૂહુર્ત ચોમાસા પહેલાનું શુભ મૂહુત નીકળે તે શહેરની આમ જનતા ઈચ્છે છે. અને અગાઉ સસ્પેન્ડ કરેલા પ્રમુખ સાથે ભાગ બટાઉ અને મેળાપીપણા નકકી કરેલા વર્ક ઓર્ડરના કામો હાલના નવનિયુકત સત્તાધિશો અધુરા પડેલ કાર્યો ક્યારે પુરા કરવામાં આવશે કે નહીં આવનારો સમય જ બતાવશે. તેવું શહેરની આમ પ્રજામાં ચર્ચાનો વિષય છે.

# ઝાલોદ તાલુકામાં માર્ગ અકસ્માતના બે બનાવોમાં બેના મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે વ્યક્તિઓના અકાળે મોતને પગલે પરિવારમાં મોત છવાઈ ગયો હતો. જ્યારે એક મહિલાને ઈજાઓ થતાં નજીકના દવાખેન સારવાર અર્થે ખસેડાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના સેવનીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૫ એપ્રિલના રોજ સેવનિયા ગામે નિશાળ ફળિયામાં રહેતા બદિયાભાઈ મડીયાભાઈ ગરાસીયા અને તેમની પત્નિ રામુડીબેન એમ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ સેવનીયા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી બદિયાભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં બદિયાભાઈ અને તેમની પત્નિ રામુડીબેન બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાયાં હતાં અને જેને પગલે બદીયાભાઈને અને રામુડીબેનને શરીરે, હાથે પગે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા બંન્નેને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમ્યાન બદીયાભાઈનું ગતરોજ મોત નીપજતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો, જ્યારે રામુડીબેન સારવાર હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ સંબંધે સેવનીયા ગામે નિશાળ ફળિયામાં રહેતા સુરેશભાઈ બદીયાભાઈ ગરાસીયાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. માર્ગ અકસ્મતાનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના કલજીની સરસવાણી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૬ એપ્રિલના રોજ વેલપુરા ગામે પટેલ ફળિયામાં રહેતાં અલ્કેશભાઈ મનુભાઈ વસૈયા (ઉ.વ.૨૧) પોતાના કબજાની મોટરસાઈકલ લઈ કલજીની સરસવાણી ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અલ્કેશભાઈને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં અલ્કેશભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાયાં હતા અને જેને પગલે અલ્કેશભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું મોત નીપજ્યું હતું. આ સંબંધે અલ્કેશભાઈના પિતા મનુભાઈ ચોકલાભાઈ વસૈયાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆમાં ગેસ પાઈપલાઈન નવી નાંખવા માટે મંજુરી અપાતા નગરજનોમાં ખુશી

દે.બારીઆ,
દે.બારીઆ નગરપાલિકા વિસ્તારમાં ગેસ પાઈપલાઈન નાંખવા માટેની મંજુરીપત્ર મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા દે.બારીઆ નગરપાલિકા પ્રમુખ તથા તેમની ટીમને આપવામાં આવ્યો અને નગરપાલિકાએ ફટાકડા ફોડી ખુશી વ્યકત કરી હતી. દે.બારીઆ નગરપાલિકાના પ્રમુખ ડો.ચાર્મી સોની ગેસ લાઈન માટે રાજયમંત્રી ખાબડ તથા સરકારમાં જાણ કરવામાં આવી હતી. રાજય સરકારના મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા પ્રયત્નો કરી માત્ર સાત દિવસમાં જ ગેસ પાઈપલાઈન નાંખવાની મંજુરી આપી દીધી હતી. જેનાથી સમગ્ર નગરમાં ખુશીની લહેર છવાઈ હતી. આ પાઈપલાઈન નાંખવાની કામગીરી ટુંક સમયમાં શરૂ થશે. અને એક વર્ષમાં સમગ્ર નગરના ઘરે ઘરે જેના કનેકશન પહોંચી જશે. જેનાથી રાંધણગેસના બાટલા લાવવાની ઝંઝટમાંથી અને આર્થિક રીતે લોકોને બહુ મોટો ફાયદો થશે. આ ગેસની મંજુરીનો પત્ર ટાવર પાસે મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા નગરપાલિકા પ્રમુખ ડોકટર ચાર્મી નીલ સોની તથા ટીમ ને આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ ગૌરાંગ પંડ્યા, સજનબા ગોહિલ, અંબાબેન મોહનિયા, પ્રતિક્ષાબેન બારીયા, મહેશભાઈ બલવાણી, રાજુભાઈ નાયક, સત્તારભાઈ માસ્ટર, શહેર પ્રમુખ નિમેશભાઈ જોશી, શહેર મહામંત્રી જાડેજા તથા વિવિધ કાર્યકર્તાઓ અને અગ્રણિઓ ઉપસ્થિત રહ્યા હતા. ટાવર પાસે ફટકડા ફોડી આ મંજુરીને વધાવી હતી. દે.બારીઆ નગરને આગામી સમયમાં ગેસ પાઈપલાઈનની મોટી ભેટ મળશે.

# દાહોદમાં ૨૪ કલાકમાં ૦૬ વ્યકિતના કોરોનાથી મોત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરમાં વધતાં કોરોના પ્રકોપને કારણે સૌ કોઈ હાલ ફફડાટ અનુભવ કરી રહ્યાં છે. બીજી તરફ બીન સત્તાવાર મળતી માહિતી પ્રમાણે વિતેલા ચોવીસ કલાકની અંદર લગભગ ૦૬ જણા કોરોનાથી મૃત્યુ પામ્યાં છે અને તેઓની અંતિમ ક્રિયા દાહોદના સ્મશાન ખાતે કોરોના ગાઈડ લાઈન સાથે સંપુર્ણ તકેદારીને ધ્યાનમાં રાખી અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં હતાં.

દાહોદ જિલ્લામાં કુદકેને ભુસકે કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ગત વર્ષ કરતાં આ વર્ષે કોરોના સંક્રમણે રેકોર્ડ બ્રેગ ગતિએ હોવાનું કહેવાઈ રહ્યું છે. આ વર્ષે સમગ્ર ગુજરાત રાજય સહિત દેશભરના અન્ય રાજ્યોમાં પણ કોરોનાએ માથુ ઉચક્યું છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં વધતાં કોરોના કેસોની સાથે સાથે મૃત્યુ આંક પણ આ વખતે વધતો જોવા મળી રહ્યો છે. વાત કરીએ નાનકડા દાહોદ જિલ્લાની તો આ વર્ષે કોરોના પોતાની ઝડપ વધારી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે અને તેની સાથે મૃત્યુ દરના આંકડાઓમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. દાહોદની સરકારી દવાખાના સાથે સાથે ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓનો રાફડો ફાટી રહ્યો છે. મળતી બિન સત્તાવાર માહિતી પ્રમાણે વિતેલા ચોવીસ કલાકની અંદર ૦૬ દર્દીઓ કોરોનાથી મૃત્યુ પામ્યાં છે. અને વિતેલા ચોવીસ કલાકની અંદર દાહોદના સ્મશાન ખાતે સંપુર્ણ કોરોના ગાઈડ લાઈન સાથે કર્મચારીઓની હાજરીમાં પીપીઈ કીટ સાથે મૃતકોના અંતિમ સંસ્કાર પણ કરવામાં આવ્યાં હતાં. આ મૃતકોમાં એક મધ્યપ્રદેશની મહિલાનો પણ સમાવેશ થાય છે અને જેના પણ દાહોદના સ્મશાન ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં હતાં.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૩૫ કોરોના કેસ નોંધાવા પામ્યા

દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે કોરોના સંક્રમણ કેસનો રાફડો ફાટ્યો છે. આજે એકજ દિવસમાં ૩૫ કોરોના પોઝીટીવ દર્દીઓ સામે આવતાં આરોગ્ય તંત્ર સમેત જિલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દિન પ્રતિદિન વધતાં કેસોને લઈ ચિંતાનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લામાં કન્ટેઈન્ટમેન્ટ ઝોન વિગેરે સ્થળોએ આરોગ્ય તંત્ર દ્વારા સેનેટરાઈઝરની પુરજોશમાં કામગીરીનો પણ આરંભ કરી દીધો છે. આજે વધું ૦૩ દર્દીઓએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવતાં પરિવારમાં માતમ છવાયો હતો.

આજે આર.ટી.પી.સી.આર. ના ૧૪૧૮ પૈકી ૩૦ અને રેપિટ ટેસ્ટના ૧૪૯૨ પૈકી ૦૨ મળી આજે એકસાથે ૩૫ કોરોના પોઝીટીવ દર્દીઓનો વધુ સમાવેશ થયો છે. આ ૩૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૫ કેસો સામે આવ્યાં છે જ્યારે દાહોદ ગ્રામ્યમાંથી ૦૩, ઝાલોદ અર્બનમાંથી ૦૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૩, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૨, સીંગવડમાંથી ૦૧, ગરબાડામાંથી ૦૩ અને ફતેપુરમાંથી ૦૫ કેસનો સમાવેશ થાય છે. વધતાં કેસોની સામે સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે એકસાથે ૧૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે બીજી તરફ એક્ટીવ કેસોની સંખ્યા વધીને ૨૨૨ ને પાર થઈ ચુક્યો છે. દિન પ્રતિદિન વધતાં કોરોના સંક્રમણના પ્રકોપને પગલે હવે દાહોદ જિલ્લા આરોગ્ય તંત્રએ કમર કસવી જ રહી અને સેનેટરાઈઝર સહિત ઘરે ઘરે જઈ ટેસ્ટીંગ હાથ ધરવાની કામગીરીનો પુનઃ આરંભ કરવામાં આવે તે અતિ આવશ્યક બની રહ્યું છે.

# ઝાલોદના ડુંગરી ગામે બે અલગ અલગ ઝાડ ઉપર પતિ-પત્નિના મૃતદેહ ગળે ફાંસો ખાધેલ હાલતમાં મળતાં ચકચાર

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના ડુંગરી ગામની ચકચાર ઘટના સામે આવી છે જ્યાં ગામમાં અલગ અલગ ઝાડ ઉપર પતિ – પત્નિની લાશ લટકતી જોવા મળતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને બંન્નેના મૃતદેહને નીચે ઉતારી નજીકના દવાખાને પી.એમ. અર્થે ખસેડવાની તજવીજ પોલીસ હાથ ધરી રહી છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, આજરોજ ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે પતિ પત્નિની લાશ ઝાડ પર લટકતી જોવા મળી છે. અહીં ચોંકાવનારી વાત એ છે કે, પતિની લાશ અન્ય ઝાડ પર અને પત્નિની લાશ બીજા અન્ય ઝાડ પરથી લટકતી મળી હતી. પરિવારજનો પાસેથી જાણવા મળ્યા અનુસાર, આ દંપતિ ઘરેથી દેવળે જવાનું કહી નીકળ્યાં હતાં. ઘટનાને પગલે ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યાં હતા. જ્યારે પરિવારમાં આક્રંદનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો. પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી જઈ પરિસ્થિતીનું નિરીક્ષણ કરી દંપતિના મૃતદેહની ઝાડ પરથી નીચે ઉતારી પી.એમ. અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી રહી છે. આ દંપતિના મોતને પગલે ગ્રામજનોમાં અનેક તર્ક વિતર્કો વહેતા થવા માંડ્યાં છે. બીજી તરફ આ દંપતિ દ્વારા આત્મહત્યા કરવામાં આવી હશે કે પછી કોઈકે તેઓની હત્યા કરી લાશને લટકાવી દેવામાં આવી હશે? જેવા અનેક સવાલો ગ્રામજનોમાં ઉદ્ભવવા પામ્યાં છે ત્યારે પોલીસે તલસ્પર્શી તપાસનો ધમધમાટ કર્યો છે.

# દાહોદના ચાકલીયા રોડ ઉપર અજાણ્યા વાહને વ્હોરા સમાજના વેપારીને અડફેટમાં લેતાં મોત



દાહોદ,
દાહોદ શહેરના ચાકલીયા રોડ પર એક દાહોદના વ્હોરા સમાજના વેપારી પોતાનું ટુ વ્હીલર વાહન લઈ પસાર થઈ રહ્યાં હતાં તે સમયે એક અજાણ્યા વાહનના ચાલકે આ વેપારીને અડફેટમાં લેતાં વેપારી જમીન પર ફંગોળાતાં ઘટના સ્થળ પરજ વ્હોરા વેપારીનું કમકમાટી ભર્યું મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જાણવા મળ્યા અનુસાર, અજાણ્યો વાહનનો ચાલક અકસ્માત સર્જી નાસી જવામાં સફળ રહ્યો હતો અને પોલીસે તેને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યાં છે.

દાહોદ શહેરમાં રહેતાં અબ્બાસભાઈ કુતુબભાઈ ભાભરાવાલા અને વ્યવસાયે વેપારી. આ અબ્બાસભાઈ આજરોજ પોતાનુ કામકાજ પુરૂ કરી પોતાના ટુ વ્હીલર વાહન લઈ દાહોદના ચાકલીયા રોડ પરથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક અજાણ્યો વાહનનો ચાલક પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પસાર થઈ રહ્યો હતો અને આ અબ્બાસભાઈને અડફેટમાં લેતાં અબ્બાસભાઈ પોતાના ટુ વ્હીલર વાહન સાથે ફંગોળાયાં હતાં જોતજોતમાં અબ્બાસભાઈના માથાના ભાગે અને શરીરેથી ખુન વહેવા લાગ્યું હતું અને તેઓનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં ત્યારે અકસ્માત સર્જનાર અજાણ્યો વાહનનો ચાલક વાહન લઈ નાસી જવામાં સફળ રહ્યો હતો ત્યારે ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ પણ દોડી આવી હતી અને મૃતક અબ્બાસભાઈના મૃતદેહની નજીકના દવાખાને પી.એમ. અર્થે રવાના કરવામાં આવ્યાં હતાં. વાયુવેગે આ સમાચાર દાહોદ નગરના વ્હોરા સમાજમાં ફેલાતાં સમાજમાં ગમગીની છવાઈ ગઈ હતી અને પરિવારમાં આક્રંદનો માહોલ છવાયો ગયો હતો. આ સંબંધે પોલીસે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# દાહોદના કાળી તળાઈ ગામે ડીપીમાં આગ લાગતાં ઘર આંગણે માળામાં બાંધેલ ૪ પશુઓના મોત



દાહોદ,
દાહોદ તાલુકાના કાળી તળાઈ ગામે એમ.જી.વી.સી.એલ.ની ડીપીમાં શોર્ટ સર્કિટ થતા બાજુમાં આવેલ એક ઘરના આંગણે પશુઓ માટે બનાવવામાં આવેલ માળામાં આગ લાગતાં ચાર મુંગા પશુઓ જેમાં ભેંસ,બળદ આ આગની લપેટમાં આવી જતાં ચાર મુંગા પશુઓ બળીને મોતને ભેટ્યાં હતાં ત્યારે અન્ય પશુઓને પણ આગ લાગતાં ઈજાઓ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

કાળી તળાઈ ગામે હોળી ફળિયામાં ગતરોજ એક એમ.જી.વી.એલ.ની ડીપીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આ આગે વિકરાળ રૂપ ધારણ કરતાં નજીકમાં આવેલ એક મકાનના આંગણામાં પશુઓ માટે બાંધી રાખેલ માળામાં આગ પહોંચી હતી અને જોતજોતમાં આગે વિકરાળ રૂપ ધારણ કરતાં માળામાં બાંધી રાખેલ કેટલાંક પશુઓ આ આગની લપેટમાં આવ્યાં હતાં જેમાં ભેંસ અને બળદ મળી કુલ ચાર પશુઓ આગની લપેટમાં આવી જતાં મોતને ભેંટ્યાં હતાં જ્યારે અન્ય પશુઓને ઈજાઓ થઈ હતી. પશુઓ માટે બાંધી રાખવામાં આવેલ આ માળો આગની લપેટમાં આવી જતાં સંપુર્ણ બળી જવા પામ્યો હતો. ઘટનાની જાણ આસપાસના લોકોને થતાં તાત્કાલિક દોડી આવ્યાં હતાં અને પાણીનો મારો ચલાવ્યો હતો અને ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગની લપેટમાં અન્ય પશુઓ ન આવી જાય તે માટે લોકો દ્વારા અન્ય પશુઓને આગથી બચાવી લઈ સહિ સલામત અન્ય સ્થળે ખસેડ્યાં હતાં.

# સંજેલીમાં માસ્ક વગર ફરતા લોકોને માસ્કનું વિતરણ કરાયું



સંજેલી,
સંજેલી પોલીસની નવતર પહેલ : સંજેલી નગરમાં માસ્ક વગર ફરતા લોકોને પોલીસ દ્વારા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં કોરોના કેસોમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. તેના સંદર્ભમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે સંજેલી નગરમાં માસ્ક વગર ફરતા લોકોને નિઃશુલ્ક માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું સાથે સાથે કોરોના નિયમોથી પાલન કરવા માટે અવગત કર્યા હતા.

સંજેલી PSI એસ.એમ.લાસન દ્વારા પોલીસ સ્ટાફ સાથે રાખીને મુખ્ય બજારમાં માસ્કનું વિતરણ કરીને ઉમદા કાર્ય કર્યું હતું. જેમાં સંજેલી PSI એસ.એમ.લાસન, સુરેન્દ્રસિંહ સોલંકી પોલીસ કર્મીઓએ માસ્કનું વિતરણ કર્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 191

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## રાત્રીના ૮ વાગ્યે ધંધા રોજગાર બંધ

# ગોધરા શહેરમાં કોરોના મહામારીને લઈ લાગુ કરેલ કરફ્યુની પોલીસ દ્વારા ચુસ્ત અમલવારી







ગોધરા, પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં કોરોના સંક્રમણના કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ૨૦ શહેરોમાં કરફ્યુ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગોધરા શહેર કરફ્યુ જાહેર કરવામાં આવ્યું છે. ગોધરા શહેરમાં રાત્રીના ૮ વાગ્યાના સમય થતાં કોરોના ગાઈડ લાઈન મુજબ કરફ્યુનું અમલવારી કરવાની શરૂઆત કરી છે. પોલીસ દ્વારા લોકોને ૮ વાગ્યા પછી ઘરો માંથી બહાર નહિ નિકળવા માટે અને પોલીસ તંત્રને સહયોગ કરવા અપીલ કરવામાં આવી છે.


ગુજરાત રાજયમાં કોરોના મહામારીની બીજી લહેર અજગરી ભરડો લીધો છે અને કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. તેમાં પણ બીજા સ્ટેનના કોરોના સંક્રમણમાં મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. તેને ધ્યાનમાં લેતાં ગુજરાત નામદાર હાઈકોર્ટ દ્વારા ગતરોજ રાજ્ય સરકારને કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે અસરકારક પગલાં ભરવા માટે સુચન કરવામાં આવ્યું હતું. કોરોના સંક્રમણને ઘટાડવા માટે સરકારના પ્રયાસોને લોકોનો સહયોગ મળ્યો. જેમાં વિકેન્ડ માં લોકડાઉન જેમાં વિકેન્ડમાં લોકડાઉન કરવાનું સુચન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા હાઈ કમિશન મીટીંગ યોજી હતી અને ગુજરાત રાજયના ૨૦ શહેરોમાં તા.૭/૪/૨૦૨૧ થી ૩૦/૦૪/૨૦૨૧ સુધી રાત્રીના ૮ થી સવારના ૬ કલાક સુધી કરફ્યુ જાહેર કરવામાં આવ્યો છે. આજ ૭ એપ્રિલના રોજ રાત્રીના ૮ વાગ્યાના સમય થી પોલીસ તંત્ર દ્વારા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ કરફ્યુની અમલવારી કરાવવાની શરૂઆત કરી છે. ૮ વાગ્યાના સમયે જાહેરના વિવિધ વિસ્તારોમાં ધંધા રોજગાર બંધ કરવામાં આવ્યા હતા. સાથે લોકોને કોરોનાકાળમાં સરકાર દ્વારા લગાડવામાં આવેલ કરફ્યુની અમલવારી કરી પોલીસ વિભાગને સહયોગ કરવા અપીલ કરવામાં આવી છે. ત્યારે ગોધરા શહેરના વેપારીઓ અને ધંધાદારીઓ દ્વારા પણ ૮ વાગ્યાના સમય સુધી ધંધા રોજગાર બંધ કરીને કરફ્યુની અમલવારી કરવામાં પોલીસને સહયોગ કર્યો હતો.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજયમાં કોવિડ-૧૯ની હાલની ગંભીર પરીસ્થિતીને ધ્યાને લેતાં નામદાર હાઈકોર્ટ દ્વારા રાજ્ય સરકારને અસરકારક પગલાં લેવાના સુચનો કરતાં ગુજરાત સરકાર દ્વારા ૨૦ શહેરોમાં ૭ એપ્રિલ ૨૦૨૧ થી ૩૦ એપ્રિલ ૨૦૨૧ સુધી રાત્રીના ૮ કલાક થી સવારના ૬ કલાક સુધી રાત્રી કરફ્યુ અમલમાં મૂકી સુચનાની અમલવારી કરવાના સુચન મળેલ હોય ત્યારે પંચમહાલ જીલ્લા ઈન્ચા.અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ એન.વી.રાજપુત દ્વારા અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ની કલમ-૩૪ હેઠળ મળેલ અધિકાની રૂએ સમગ્ર પંચમહાલ જીલ્લા અમલવારી કરાવવા હુકમ કરવામાં આવ્યો છે.

- પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે ૦૭/૦૪/૨૦૨૧ થી ૩૦/૦૪/૨૧ સુધી દરરોજ રાત્રીના ૮ વાગ્યા થી સવારના ૬ વાગ્યા સુધી રાત્રી કરફ્યુ અલમમાં મુકવામાં આવ્યો છે.
- ૧૦/૦૪/૨૧ થી લગ્ન / સત્કાર સમારંભ બંધ કે ખુલ્લી જગ્યામાં ૧૦૦ થી વધુ વ્યકિતઓ એકઠા કરી શકાશે નહિ. આ દરમ્યાન કોવિડ-૧૯ સંબંધિત અને માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.
- કરફ્યુના સમય કલાકો દરમ્યાન પંચમહાલના ગોધરા શહેરમાં લગ્ન, સત્કાર સમારંભ કે અન્ય કાર્યક્રમો યોજી શકાશે નહિ.
- ૭ એપ્રિલ ૨૦૨૧ થી ૩૦ એપ્રિલ ૨૦૨૧ સુધી રાજકીય, સામાજીક અને અન્ય મેળાવડા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.
- કોઈપણ સંજોગોમાં ૫૦ થી વધુ વ્યકિતઓ એકઠા થઈ શકશે નહિ. આ સંજોગો દરમ્યાન કોવિડ-૧૯ સંબંધિત અન્ય કોવિડ-૧૯ સંબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.
- મોરવા(હ) વિધાનસભા પેટા ચુંટણીના મત વિસ્તારમાં ચુંટણી દરમ્યાન ચુંટણી પંચની માર્ગદર્શક સુચનાઓની ચુસ્ત પાલન કરવાનું રહેશે.
- તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી તમામ સરકારી કચેરીમાં તમામ શનિ-રવિ બંધ રહેશે. સરકારી કચેરીઓમાં ખુબ અગત્યની કામગીરી હોય તો જ મુલાકાતીઓને પ્રવેશ આપવાનો રહેશે.




## પંચમહાલ જીલ્લામાં આજરોજ ૩૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




ગોધરા, પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. જેને લઈ જીલ્લા આરોગ્ય વિભાગ અને જીલ્લા વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. જીલ્લામાં આજરોજ ૩૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જ્યારે ૨૬ દર્દીઓ સાજા થતાં રજા આપવામાં આવી છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણની બીજી લહેર ઘાતક નિવડી રહી છે. બીજા સ્ટેનના કોરોના સંક્રમણ ઝડપી લોકોને સંક્રમિત કરી રહ્યું છે. બીજા સ્ટેનના કોરોના સંક્રમણમાં મૃત્યુ આંક પણ વધી રહ્યો છે. તે આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. સંક્રમણ ઘટાડવા માટે લોકોને માસ્ક પહેરવા માટે અપીલ કરવામાં આવી રહી છે. તેમ છતાં અમુક લોકો કોરોનાની મહામારીને ગંભીરતાથી લેતા નથી પરિણામ કોરોના સંક્રમણ વધી રહ્યું છે.

પંચમહાલ જીલ્લામાં આજરોજ ૩૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાં ગોધરા-૧૭, હાલોલ-૦૩, કાલોલ-૦૨, જ્યારે ગોધરા તાલુકામાં-૦૪,ઘોઘંબા-૦૨, હાલોલ-૦૧, કાલોલ-૦૩, મોરવા(હ)-૦૧ નોંધાવા પામ્યા છે. આજરોજ ૨૬ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતાં રજા આપવામાં આવી છે. જીલ્લા આરોગ્ય વિભાગ તેમજ વહીવટી તંત્ર દ્વારા લોકોને માસ્ક પહેરવા માટે અપીલ કરવામા આવી રહી છે.

| પંચમહાલમાં કોરોનાના કેસ |
|---|
| ગોધરા - ૧૭ |
| હાલોલ - 03 |
| કાલોલ - 0૨ |
| ગોધરા તાલુકા - 0૪ |
| ઘોઘંબા તાલુકા - 0૨ |
| હાલોલ તાલુકા - 0૧ |
| કાલોલ તાલુકા - 03 |
| મોરવા(હ) તાલુકા - 0૧ |
| સક્રિય કેસ -૨૫૪ |
| રજા અપાઈ - ૨૬ |

## ગોધરા શહેર સીગ્નલ ફળીયામાં રહેતા એકમાત્ર હિન્દુ પરિવારના મોભીનું મૃત્યુ થતાં મુસ્લીમ સમાજ દ્વારા હિન્દુ વિધી પ્રમાણે અંતિમ સંસ્કાર


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, ગોધરા શહેરના સીગ્નલ ફળીયા વિસ્તારમાં એકમાત્ર રહેતા હિન્દુ પરિવારના વ્યકિતનું હૃદય રોગના હુમલા થી મોત નિપજાવા પામ્યું હતું. ત્યારે આડોશ પાડોશમાં રહેતા મુસ્લીમ સમાજના આગેવાનો દ્વારા હિન્દુ રીતીરિવાજો પ્રમાણે હિન્દુ સ્મશાન ગૃહ ખાતે અંતિમવિધી કરી કોમી એખલાસનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું.

ગોધરા શહેરના સીગ્નલ ફળીયા વિસ્તારમાં છેલ્લા ૩૫ વર્ષથી એકમાત્ર હિન્દુ પરિવાર વસવાટ કરે છે. તેવા હિન્દુ પરિવારના રાધેશ્યામ ગોસ્વામીનું આજરોજ વહેલી સવારે હૃદય રોગનો હુમલો આવતાં અવસાન થયું હતું. મુસ્લીમ પરિવારોની વચ્ચે રહેતા એકમાત્ર હિન્દુ પરિવારનો પહેલો સગો પાડોશીના સૂત્રને સાર્થક કરતો કિસ્સો સામે આવ્યો છે. મૃતક રાધેશ્યામ ગોસ્વામીના પાડોશી મુસ્લીમ સમાજના સલીમભાઈ પઠાણ સહિતના આગેવાનો દ્વારા મૃતક રાધેશ્યામ ગોસ્વામીની અંતિમવિધી માટે હિન્દુ રીતીરિવાજો મુજબ તૈયારી કરી હતી અને ગોધરા હિન્દુ સ્મશાન ખાતે નનામી લઈ જઈને મુસ્લીમ સમાજના લોકો તેમજ મિત્ર હોય તેવા હિન્દુ મિત્રોના સહયોગ લઈને અંતિમ સંસ્કાર કર્યા હતા. ગોધરામાં મુસ્લીમ સમાજ દ્વારા હિન્દુ સમાજના મૃતકની અંતિમવિધી હિન્દુ રીતીરીવાજો મુજબ કરીને કોમી એખલાસનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડવામાં આવ્યું.

## શહેરા તાલુકાના ધામણોદ ગામની મહિલાએ પતિ તેમજ સાસુ-સસરાના ત્રાસથી કંટાળી ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું

શહેરા, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના તરવડી ગામના મનસુખભાઈ ઝવરાભાઈ બારીઆની પુત્રી નામે જશોદાબેનના લગ્ન શહેરા તાલુકાના ધામણોદ ગામના અશ્વિન અર્જુનભાઈ બારીઆ સાથે અંદાજે સત્તરેક વર્ષ અગાઉ થયા હતા.જેઓના લગ્ન જીવન બાદ સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર છે અને જશોદા તેમજ અશ્વિનનો ઘરસંસાર સારી રીતે ચાલતો હતો. પરંતુ છેલ્લા એકાદ વર્ષથી પતિ અશ્વિન તેની પત્ની જશોદાબેનને અવાર નવાર કોઈને કોઈ બહાને ઝઘડો તકરાર કરી મારઝૂડ કરતો હતો. જેની જાણ પિયરીયાને થતા આ બાબતે જશોદાબેનની માતા મંગળીબેન બારીઆએ જશોદાના સાસુ-સસરાને જાણ કરતા તેઓ કહેતા હતા કે તમારી છોકરી ખોટા વહેમ કરે છે. જેથી તમારી છોકરી પણ સારી નથી તેવું કહેતા હતા.ત્યારબાદ છએક માસ અગાઉ પતિ અશ્વિન, સાસુ શારદાબેન બારીઆ તેમજ સસરા અર્જુનભાઈ બારીઆ આ ત્રણેયએ જશોદાબેનને મારમારી શારીરિક માનસિક ત્રાસ આપી કાઢી મુકતા જશોદા પોતાના પિયરમાં ચાલી ગઈ હતી અને ગત બે માસ પર પંચો રૂબરૂ સમાધાન થતાં જશોદાબેન સાસરીમાં આવી ગઈ હતી,પરંતુ સમાધાન થયા પછી પણ સાસરિયાં દ્વારા શારીરિક માનસિક અપાતા ત્રાસથી કંટાળી મંગળવારના રોજ વહેલી સવારે જશોદાબેને સાસરીમાં પોતાના ઘર નજીક આવેલ કુવા પાસેના ખાડામાં ઝાડ સાથે દોરવા વડે ગળે ફાંસો ખાઈ પોતાના જીવનનો અંત લાવ્યો હતો. ઘટનાની જાણ શહેરા પોલીસને થતાં શહેરા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતક જશોદાબેનના મૃતદેહને ઝાડ ઉપરથી નીચે ઉતરાવી શહેરા ખાતે પી.એમ. માટે મોકલી આપ્યો હતો. આ સમગ્ર બાબતે જશોદાબેનની માતા મંગળીબેન મનસુખભાઈ બારીઆએ પતિ અશ્વિન બારીઆ, સાસુ શારદાબેન અર્જૂનભાઈ બારીઆ અને સસરા અર્જુનભાઈ સોમાભાઈ બારીઆ આ ત્રણેય વ્યક્તિઓ સામે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા શહેરા પોલીસે મરવા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે.

## મોરવા(હ)ના ખાબડા ગામની મહિલા પર દુષ્કર્મ

મોરવા(હ), મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે રહેતી મહિલા પોતાના ધાબા ઉપર સુવા ગયા હતા. ત્યારે આરોપી મહિલાની ગેલેરીમાં આવી ગયો હતો અને મહિલાની મરજી વિરૂદ્ધ બળજબરી પૂર્વક દુષ્કર્મ આચરીને નાશી છુટેલ હોય આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે રહેતી મહિલાના પતિ મરણ પ્રસંગમાં બહાર ગયા હતા. ત્યારે રાત્રીના સમયે ધાબા ઉપર સુવા માટે ગયેલ હતા. ત્યારે ધાબા ઉપર કુટુંબી દિયર આરોપી શૈલેષભાઈ રમણભાઈ પટેલ ઉભો હતો. તેણે મહિલાને પકડી પાડી હતી. મહિલાઓ છોડાવવા બુમો પાડી પ્રતિકાર કરતાં આરોપીએ મહિલાને ઝાપટ મારી નીચે પાડી દીધી હતી અને મહિલાની મરજી વિરૂદ્ધ બળજબરી પૂર્વક દુષ્કર્મ આચરીને ગુનો કરી નાશી છુટતા આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

## કાલોલના બોરૂ ટર્નિંગ પાસેથી આઈસર ટેમ્પોની ચોરી

કાલોલ, કાલોલના કાસીમાબાદ સોસાયટીમાં રહેતા ઈકબાલભાઈ મુસાભાઈ શેખ દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ બોરૂ ટર્નિંગ પાસે આવેલા તેમની માલિકીની સબર મોટર ગેરેજ સામે તેમની માલિકીનુ આઈસર જીજે-૦૭-યુયુ-૯૦૫૨ લોક કરી કાયમી રીતે પાર્ક કરી મુકયુ હતુ. જે આઈસર કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરીને લઈ ગયા હતા. જેથી આસપાસ તપાસ કરતા મળી આવી ન હતી. જે અંગે તેઓએ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## ગોધરા રામપુરા બી. ફાર્મસી કોલેજનું ગૌરવ

ગોધરા, નુતન એડ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી. ફાર્મસી કોલેજ રામપુરા, ગોધરા દ્વારા વર્ષ ૨૦૦૬ થી બેચલર ઓફ ફાર્મસી કોર્સ ચલાવવામાં આપેછે. આ સંસ્થાને એ. આઇ. સી. ટી. ઇ. અને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દિલ્લીથી માન્યતા મડેલ છે અને સંસ્થા ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટિ સાથેપણ જોડાણ ધરાવે છે.

તાજેતર માં ૨૭ ફેબ્રુઆરી એ એન.ટી.એ. દ્વારા આયોજિત જીપેટ પરીક્ષામાં બી. ફાર્મસી કોલેજ ના ૩ વિદ્યાર્થીઓ શાહ ઋત્વી, પટેલ પ્રેરણા અને રાઠવા અંકુર ઊત્તીર્ણ થયા છે. તેમાં બી. ફાર્મસી કોલેજ ના પ્રિન્સિપાલ તેમજ બધા જ શિક્ષણ ગણ નો ફાળો રહ્યો છે. બી. ફાર્મસી કોલેજ રામપુરા ત્રણેય વિદ્યાર્થીઓને તેમના આગળના ભવિષ્ય માટે શુભકમના પાઠવે છે.

## ખાનપુર તાલુકાના ખેતર માંથી ગાંજાના છોડ સાથે આરોપીને ઝડપતી SOG પોલીસ



ખાનપુર, મહિસાગર જિલ્લા વિસ્તારમાં એસ.ઓ.જી. પોલીસ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર કે.એન રાઠવા એસ. ઓ.જી શાખાના નાઓને ચોક્કસ અને આધારભુત બાતમી હકીકત મળેલ કે, ખાનપુર તાલુકાના રહેમાન ગામે રહેતા ભરતભાઈ શનાભાઈ માલીવાડ નો પોતાના કબજા ભોગવટા ખેતરમાં લીલા વનસ્પતિજન્ય ગાંજાના છોડ વાવેતર કરેલ છે. એ બાતમી હકીકત આધારે એન.ડી.પી.એસ એકટ મુજબની અલગ અલગ કાર્યવાહી કરી એસ.ઓ.જી સ્ટાફ ના અધિકારી તથા પોલીસ માણસો તથા પંચો સાથે બાતમી હકીકત આધારે બાકોર પો. સ્ટે.થી નીકળી ખાનપુર તાલુકાના રહેમાન ગામે આવી રેડ કરતા સરદર ઈસમ ભરતભાઈ શનાભાઈ માલીવાડનો તેના ઘરે હાજર મળી આવેલ હોય તેને સાથે રાખી તેના ખેતરમાં તપાસ કરતા અને તેના ખેતરમાંથી ગાંજા ના છોડ નંગ ૨૨ તથા તેના ભાઈ બાબુ ભાઈ નાના ભાઈ માલીવાડ ના ખેતરમાં તપાસ કરતા એના ખેતરમાં થી લીલા ગાંજા ના છોડ નંગ ૦૫ મળી કુલ છોડ નંગ ૨૭ કુલ વજન ૬.૩૭૬ કિ.ગ્રામ કુલ કિંમત રૂપિયા ૬૩,૭૬૦/- નો મુદ્દામાલ વાવેતર કરી આરોપી ભરતભાઈ શનાભાઈ માલીવાડ નો પકડાઈ જઈ તથા આરોપી બાબુભાઈ શનાભાઈ માલીવાડનો ઘરે નહીં મળી આવેલ ગુન્હો કરેલ હોય બંને ઈસમો વિરૂદ્ધ બાકોર પોલીસે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ.

## આંકલીના દલવા ફળિયામાં શિકારની શોધમાં નીકળેલ દિપડો કુવામાં પડતા વનવિભાગે રેસ્કયુ કરી બહાર કાઢ્યો

દે.બારીઆ, દે.બારીઆ તાલુકામાં ગ્રામ્ય વિસ્તાર મોટેભાગે ડુંગરાળ અને જંગલ વિસ્તારમાં વસવાટ કરે છે. આ વિસ્તારમાં દિપડા જેવા હિંસક પ્રાણીઓ કુવામાં પડી જવા અને રહેણાંક ઘરે ઘુસી બકરાઓનુ મારણ કરી પલાયન થઈ જવુ અથવા માનવજાત ઉપર જીવલેણ હુમલો કરો અને મોતને ઘાટ ઉતારવા આ બધા કિસ્સાઓ અવાર નવાર બનતા હોય છે. સાગટાળા વિસ્તાર પણ જંગલ વિસ્તારથી ઘેરાયેલો વિસ્તાર છે. દે.બારીઆ અને સાગટાળા રેન્જ વિસ્તારમાં રીંછ અને દિપડા જેવા ઘાતક પ્રાણીઓની વસ્તી પણ વધી રહી છે. અને જંગલોનો વિનાશ થતો હોય આવા હિંસક પ્રાણીઓ શિકારની શોધમાં ગામડામાં આવી ચઢતા હોય છે.

તે જ રીતે દિપડો રાત્રિના સમયે શિકારની શોધમાં આંકલીના દલવા ફળિયામાં આવેલા ગામાભાઈ ધુળાભાઈ બારીયાના ખેતરમાં આવેલા કુવામાં ખાબકી પડ્યો હતો. રાત્રિના અંધારામાં કુવામાં પડેલ દિપડાએ રાડો પાડતા વહેલી સવારે કુવા ફરતે લોકોના લોકટોળા ઉમટી પડ્યા હતા. જે પછી દે.બારીઆ ખાતે આવેલ વનવિભાગની કચેરીમાં જાણ કરતા દે.બારીઆ રેન્જના આર.એફ.ઓ.પુરોહિત સ્ટાફ સાથે દોડી આવ્યા હતા. ઉંડા કુવામાં ખાબકેલા દિપડાને રેસ્કયુ કરી બહાર કાઢવાનુ કામ પણ જોખમી હોવા છતાં પણ વનકર્મીઓ તાલીમ પામેલ હોઈ દિપડાને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.

કુવામાં એક નિસરણી મુકી કુવાની આજુબાજુમાં જાડી નેટ બિછાવી દિપડો કયાંક કુદી નહિ જાય તે રીતે ગોઠવણ કરી હતી. સવારે નવ વાગ્યાથી રેસ્કયુ કરાતા વનકર્મીઓ આખરે મોડી સાંજે દિપડાને બહાર કાઢવામાં સફળતા મળી હતી. દિપડો કુવામાંથી નીકળી જંગલ તરફ ભાગી છુટ્યો હતો.

## વેજલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા માસ્ક વિતરણ : માસ્ક પહેરવા અપીલ


તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ, કોરોનાંના એ ફરીથી હાહાકાર મચાવી દીધો છે. ત્યારે રોજ બરોજ થઈ રહેલા કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેમાં કેટલા લોકો મૃત્યુ પણ પામે છે. ત્યારે હાલમાં સરકાર દ્વારા કોરોના જેવો ગંભીર રોગના થાય તે માટે અનેક પ્રકાર ની ગાઈડ લાઈન બહાર પાડી છે પણ હજુઈ લોકો બિનદાસ્ત પણે માસ્ક વગર ફરી રહ્યા છે અને આમ આ કોરોના જેવો ચેપી રોગ ખુબજ પ્રમાણ માં વધી રહ્યો છે તેને અંકુશ માં લાવવા માટે માસ્ક સોસીયલ ડિસ્ટન્સ સેનેટરાઝર વિગેરે જેવી બાબતો ધ્યાન માં લેવામાં આવે તો કોરોનાં વધુ પ્રમાણ માં ના ફેલાઈ તે માટે વેજલપુર પોલીસ સ્ટેશન ના પી.એસ.આઈ આર.ડી.ચૌધરી, નિસારતા તેમજ પોલીસ સ્ટાફ દ્વારા વેજલપુર ગામમાં કોરોનાંના કેસોના વધે અને વેજલપુર ગામ કોરોનાં મુક્ત રહે અને કોરોનાં જેવો ગંભીર રોગ વેજલપુરમાં વધુ ના થાય અને કોરોનાને રોકવા માટે બનતા પ્રયાસો કરવા જોઈએ જેવા કે જ્યાં પણ જાવ ત્યાં મો ઉપર માસ્ક ફરજીયાત રાખો તેમજ સોસીયલ ડિસ્ટન્સ તેમજ કામ વગર બહાર ના નીકળો અને આવા કોરોનાના કપરા સમયમાં તંત્રને સાહ સહકાર આપો તેવી સલાહ સુચન અને સરકાર શ્રી દ્વારા બહાર પાડેલ કોરોનાં અંગેની ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવે તેમ લોકો ને જણાવ્યું હતું અને વધુમાં માસ્ક વગર ફરતા લોકોને સમજાવ્યા હતા અને માસ્ક વગર ના લોકો ને માસ્ક આપવામાં આવ્યું હતું.